# <u>બાગાયત ખાતાની અંદાજપત્ર (વર્ષ ૨૦૨૪-૨૫) સ્પીચ</u>
## <u>માન. ધારા સભ્યશ્રી: શ્રીમુકેશભાઈ પટેલ સાહેબ</u>

આપણો ભારત દેશ કૃષિ અને તેના સંલગ્ન ક્ષેત્રો સાથે બહોળી આજીવિકા પૂરી પાડતો દેશ છે. ભારતના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)માં પણ કૃષિ ક્ષેત્ર નોંધપાત્ર યોગદાન આપે છે. દેશનાં સર્વે ખેડૂતો સસ્ટેનેબલ એગ્રીકલ્ચર(ટકાઉ ખેતી) થકી ખાદ્ય સુરક્ષા, ગ્રામીણ રોજગાર મેળવીને સર્વગ્રાહી ગ્રામ્ય વિકાસ સાધી રહ્યા છે.

ગુજરાત રાજયમાં બાગાયતી પાકોનું મહત્વ અને ટેકનોલોજીયુક્ત ખેત પધ્ધતિઓ આજે ખેડૂતોમાં પ્રચલિત બની રહી છે. જેથી, બાગાયતી પાકોની ખેતીનો વ્યાપ પણ વધ્યો છે. બાગાયતી ખેતીની સરળતા તેમજ બાગાયતી પાકોનો વિસ્તાર વધારવા માટે આજે રાજ્ય સરકારશ્રી દ્વારા સઘનશીલ પ્રયત્નો થઈ રહ્યા છે.

બાગાયતી ખેતી થકી ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધરે તે માટે રાજય સરકારશ્રી દ્વારા વિવિધ યોજનાઓ દ્વારા સહાય પુરી પાડવામાં આવે છે.

રાજય સરકારશ્રીના બાગાયત ખાતા દ્વારા અમલીકૃત "સંકલિત બાગાયત વિકાસ કાર્યક્રમ" યોજના હેઠળ વિવિધ ઘટકો જેવાકે, બાગાયતી પાકોના નવા વાવેતરમાં સહાય, બાગાયતી યાંત્રિકરણ, મધમાખી ઉછેર, સંકલિત પોષણ વ્યવસ્થાપન, સંકલિત જીવાત વ્યવસ્થાપન, રક્ષિત ખેતી, કાપણી પછીની વ્યવસ્થાપનમાં સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત, ખેડૂતોને રાજ્યમાં તેમજ રાજ્ય બહાર તાલીમ અને પ્રેરણા પ્રવાસો થકી તાંત્રિક માર્ગદર્શન પૂરા પાડીને પણ પ્રોત્સાહિત કરવામાં આવે છે.

વધુમાં બાગાયતી યોજના " કેનીંગ અને કિચન ગાર્ડન" હેઠળ વિવિધ ઘટકો આવરી લેવામાં આવેલ છે. જે પૈકી કેનીંગ યોજના હેઠળ "ફળ અને શાકભાજીની જાળવણી/ પરિરક્ષણ" અંગેની બે અને પાંચ દિવસીય તાલીમો

આપવામાં આવે છે. સદર તાલીમ થકી મહિલાઓને ફળ અને શાકભાજીમાંથી મળતા જરૂરી મિનરલ્સ, વિટામિન  વિષે તેમજ કેનીંગપધ્ધતિઓ વિષે માહિતી આપવામાં આવે છે. આવી તાલીમમાં હાજર રહેલ મહિલા તાલીમાર્થીઓને વૃતીકા (સ્ટાઈપેન્ડ) અને તાલીમ પ્રમાણપત્ર પણ આપવામાં આવે છે. **વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ ૨૦,૯૮૪ તેમજ ચાલુ વર્ષે ૧૭,૫૯૯ જેટલી ગૃહિણીઓને આ તાલીમ આપવામાં આવેલ છે.**

'ઘર આંગણે શાકભાજી ઉગાડવાની યોજના' હેઠળ પ્રજાજનોને ઘરના વાડામાં કે ખુલ્લી જગ્યામાં કિચનગાર્ડન ઊભા કરવાના હેતુથી વ્યાજબી દરે શાકભાજીના બિયારણ પેકેટ અને ખાતરના પેકેટ પૂરા પડવામાં આવે છે. જ્યારે "અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટના સેન્ટર" તાલીમ હેઠળ શહેરી વિસ્તારમાં ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષિત યુવાનોને કિચન ગાર્ડન નિભાવ અને અદ્યતન બાગાયતી આયામો પર તાલીમ આપવામાં આવે છે. **વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ ૧૩,૬૦૩ તેમજ ચાલુ વર્ષે ૭૮૫૫ જેટલા તાલીમાર્થીઓને આ યોજના હેઠળ તાલીમ આપવામાં આવેલ છે.**

મિશન ફોર ઈન્ટીગ્રેટેડ ડેવલપમેન્ટ ઓફ હોર્ટીકલ્ચર યોજના (MIDH) હેઠળ ગુજરાત રાજ્યમાં ફળ, ફૂલ, શાકભાજી અને મસાલા પાકો જેવા બાગાયતી પાકોની ખેતી કરતા બાગાતયતદારો અને સર્વાંગી બાગાયત ક્ષેત્રના વિકાસ માટે આ મુજબની પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે.

- સારી ગુણવત્તાવાળા રોપા/બિયારણનું ઉત્પાદન માટે અદ્યતન નર્સરી ઊભી કરવા, ટિસ્યુકલ્ચર લેબોરેટરી ઊભી કરવા સહાય કાર્યક્રમ
- ફળ, ફૂલ, હાઈબ્રિડ શાકભાજી અને મસાલા પાકોના વાવેતર વિસ્તાર વધારવા સહાય કાર્યક્રમ
- બાગાયતી પાકોની ખેતીમાં સંકલિત પોષણ વ્યવસ્થાપન અને સંકલિત જીવાત નિયંત્રણ માટે માળખાકીય સુવિધા ઊભી કરવા સહાય કાર્યક્રમ
- ખેડૂતોને તાલીમ અને પ્રેરણાપ્રવાસ થકી તાંત્રિક માર્ગદર્શન પૂરા પાડવા

- બાગાયતી અદ્યતન ટેકનોલોજીનું ખેતર પરના નિદર્શન કાર્યક્રમ
- કાપણી પછીના વ્યવસ્થાપન માટે ખેતર પરના પેક હાઉસ, કોલ્ડ સ્ટોરેજ, પ્રિ-કુલીંગ એકમ, રાયપનિંગ એકમ, રીફર વાન, ડુંગળીના મેડા, પ્રાયમરી પ્રોસેસીંગ એકમ, સંકલિત કોલ્ડ ચેઈન એકમ વિગેરે ઊભા કરવા સહાય કાર્યક્રમ
- બજાર વ્યવસ્થાપન માટે જરૂરી માળખાકીય સુવિધાઓ જેમ કે રીટેલ આઉટલેટ, હોલસેલ માર્કેટ, સોર્ટીંગ-ગ્રેડીંગ એકમ વિગેરે માટે સહાય કાર્યક્રમ
- બાગાયતી ક્ષેત્રના વિકાસ માટે જરૂરી વિસ્તરણ પ્રવ્રુત્તિ અંતર્ગત સેમિનાર, એક્ઝીબિશન, હરિફાઈ વિગેરે કાર્યક્રમો

**વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન (MIDH) યોજના હેઠળ કુલ ૬૪,૧૧૮ જેટલા લાભાર્થીઓને તેમજ ચાલુ વર્ષે ૩૦,૮૦૨ લાભાર્થીઓને સહાય આપવામાં આવેલ છે.**

વધુમાં, રાજ્યમાં ઈન્ડો ઈઝરાઈલ વર્ક પ્લાન હેઠળ આધુનિક ટેકનોલોજીનો વ્યાપ વધારવાના પ્રયત્નો થઈ રહ્યા છે. જેના પરીણામ સ્વરૂપ આજે ખેડુતો હાઈટેક પ્લગ નર્સરીઓમાં તૈયાર થયેલ ગુણવત્તાયુક્ત શાકભાજીના ધરૂનું વાવેતર કરતા થયા છે. બાગાયત ખાતા હસ્તકના ફળ અને શાકભાજી પાકોના સેન્ટર ઓફ એક્સલન્સ દ્વારા અદ્યતન પ્રકારની ટેકનોલોજી ખેડુતો સુધી વિસ્તરણ કરી ઉપયોગી બની રહ્યા છે. જેમાં રક્ષિત ખેતી, ટપક સિંચાઈ પધ્ધતિ, ફર્ટીગેશન તથા અદ્યતન ધરૂ ઉછેર દ્વારા ખેડુતોની આવક વધારવાના પ્રયત્નો કરવામાં આવે છે. સેન્ટર ઓફ એકસેલેન્સ એ એક એવું એકમ છે, જે ઉપલબ્ધ સુવિધા માંથી નક્કી કરેલ હેતુઓ માટે જરુરી નિષ્ણાંત નેતૃત્વ, શ્રેષ્ઠ અમલીકરણ પદ્ધતિઓ, સીધા અપનાવી શકાય તેવા સંશોધનો, અને તમામ જરુરી સહયોગ પુરું પાડે છે.

ખેડૂતોને નવીનતમ ટેકનોલોજીનો લાભ મળી રહે તે હેતુથી રાજ્યમાં હાલમાં ૭ સેન્ટર ઓફ્ એક્સેલન્સ કાર્યરત છે તેમજ ૬ સેન્ટર ઓફ્ એક્સલન્સ નવનિર્માણ પામી રહેલ છે. જ્યારે વર્ષ- ૨૦૨૪-૨૫ માટે અન્ય ૫ નવીન સેન્ટર ઓફ્ એક્સેલન્સની દરખાસ્ત સુચિત કરેલ છે.

રાજ્યમાં કાર્યરત સેન્ટર ઓફ્ એક્સલન્સ દ્વારા ચાલુ વર્ષમાં,

- ૮.૧૧ લાખથી વધુ શાકભાજી, ફળ, ફુલ વિગેરેના ધરૂ/રોપાઓ અને ૬૦,૦૦૦ જેટલી કલમોનું ઉત્પાદન કરી ખેડુતોને પુરા પાડવામાં આવેલ છે.
- ૧૭,૮૭૫ થી વધુ ખેડુતો, મહિલાઓને, જમીન વિહોણા ખેત મજુરોને બાગાયતી પાકોની ખેતી, નવિન તકનિકોના નિદર્શનો અને કૌશલ્ય વર્ધન તાલીમ આપવામાં આવેલ છે.

વધુમાં, રાજ્યમાં શાકભાજી વાવેતર વિસ્તાર વધે અને ખેડૂતોને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકાર દ્વારા વેલાવાળા શાકભાજીના ટીસ્યુ કલ્ચર પ્લાન્ટીંગ મટીરિયલ્સ, ટેકા મંડપ, હાઈબ્રીડ બિયારણ જેવા ઘટકોમાં સહાય આપવામાં આવે છે. વધુમાં, આદિજાતી અને અનુ.જાતિના ખેડૂતોને વિના મૂલ્યે કિટ વિતરણ પણ કરવામાં આવે છે.

શાકભાજી પાકોના વાવેતર વિસ્તાર વધારવાના કાર્યક્રમ હેઠળ શાકભાજીના હાઈબ્રીડ બિયારણ, પ્લાન્ટીંગ મટીરિયલ જેવા ઘટકો હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ ૧૮૮૨૯ જેટલા લાભાર્થીઓને ૮૪૬૮.૪૪ હે. વિસ્તાર માટે રૂ. ૧૭.૬૮ કરોડની સહાય આપવામાં આવેલ છે. તેમજ ચાલુ વર્ષે કુલ ૧૦૦૭૫ જેટલા લાભાર્થીઓને ૫૧૬૭.૧૭ હે. વિસ્તાર માટે રૂ. ૧૦.૦૭ કરોડની સહાય આપવામાં આવેલ છે.

વેલાવાળા શાકભાજી પાકોના વાવેતર માટે ટેકા મંડપ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ ૯૯૯૧ જેટલા લાભાર્થીઓને ૩૮૨૧.૧૨ હે. વિસ્તાર માટે રૂ. ૧૨.૩૭ કરોડની સહાય આપવામાં આવેલ છે. તેમજ ચાલુ વર્ષે કુલ ૭૩૮૭

જેટલા લાભાર્થીઓને ૩૨૪૮.૨૫ હે. વિસ્તાર માટે રૂ. ૧૦.૬૩ કરોડની સહાય આપવામાં આવેલ છે.

અનુ.જાતિ અને અનુ. જનજાતિના ખેડૂતોને શાકભાજી પાકોના વાવેતર હેતુ વિનામૂલ્યે ઈનપુટ્સ કિટ્સ આપવાના કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ ૧૫૧૦૦ જેટલા લાભાર્થીઓને રૂ. ૩.૪૪ કરોડની તેમજ ચાલુ વર્ષે કુલ ૧૧૯૩૧ જેટલા લાભાર્થીઓને રૂ. ૨.૬૭ કરોડની કિટ્સનું વિતરણ કરવામાં આવેલ છે.

વધુમાં, રાજ્યમાં ફળપાકોનું વાવેતર વિસ્તાર વધે અને જે ખેડુતો પોતાની માલિકીની જમીનમાં ફળપાકોનું વાવેતર કરવા માંગતા હોય તેઓને રાજ્ય સરકાર દ્વારા વર્ષાયુ ફળપાકો જેવાકે કેળા, પપૈયા, સ્ટ્રોબેરી, તેમજ બહુવર્ષાયુ ફળપાકો ખારેક, ઘનિષ્ઠ/અતિ ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળપાકો તેમજ ટીસ્યુ કલ્ચર દ્વારા ઉત્પાદિત કરેલ ફળ પાકોના વાવેતર પર વધુમાં વધુ ૪-૦૦ હેકટર સુધીની મર્યાદામાં સહાય આપવામાં આવે છે.

ફળપાકોનો વાવેતર વિસ્તાર વધારવા ટીસ્યુકલ્ચર છોડ દ્રારા ખારેકની ખેતીમાં સહાય, પ્લાન્ટીંગ મટીરીયલ્સમાં ૯૦% સહાય, ફળ પાકોના હાઈબ્રીડ બિયારણ ખરીદવા, અતિ ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળ પાકો, ઘનિષ્ઠ ખેતીથી વાવેલ ફળ પાકો તેમજ જૂના બગીચાઓનું નવીનીકરણ હેતુ સહાય યોજનાઓ અમલમાં છે.

રાજ્યમાં ફળપાક વધારવાના કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ ૧૪૨૩૦ જેટલા લાભાર્થીઓને ૧૨૩૯૩.૭૪ હે. વિસ્તાર માટે રૂ. ૨૫.૬૯ કરોડની સહાય આપવામાં આવેલ છે. તેમજ ચાલુ વર્ષે કુલ ૧૩૯૩૧ જેટલા લાભાર્થીઓને ૧૧૮૨૩.૧૩ હે. વિસ્તાર માટે રૂ. ૨૯.૭૯ કરોડની સહાય આપવામાં આવેલ છે.

રાજ્યમાં નવા ઉભરતા **કમલમ** ફળનું વાવેતર વધે તે હેતુથી ખેડુતને ખર્ચના ૫૦ ટકા મુજબ મહત્તમ રૂ. ૧.૨૫ લાખ/હે. પ્રતિ લાભાર્થીદીઠ બે

હેકટરની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ ૨૫૮ જેટલા લાભાર્થીઓને ૪૨૬.૩૩ હે. વિસ્તાર માટે રૂ. ૩.૭૮ કરોડની સહાય આપવામાં આવેલ છે.

વધુમાં, વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ૪૦.૧૦ હે. વિસ્તાર માટે ૪૮ જેટલા ખેડૂતોને તેમજ ચાલુ વર્ષે ૭.૪૮ હે. વિસ્તાર માટે ૧૧ જેટલા ખેડૂતોને ફળપાકોના જૂના બગીચાઓના નવીનીકરણ હેતુ સહાય આપવામાં આવેલ છે.

વધુમાં, રક્ષિત ખેતીના ઉપયોગથી ઉચ્ચ મૂલ્ય ધરાવતા બાગાયતી પાકોનો નિયંત્રિત વાતાવરણમાં ઉછેર કરી શકાય છે જેને કારણે વિપરિત વાતાવરણ હોવા છતા પાકનું ઉત્પાદન આખા વર્ષ દરમ્યાન લઈ શકાય છે અને આવકમાં પણ વધારો થાય છે. તેમજ કાપણી પછી વ્યવસ્થાપન અને મૂલ્ય વર્ધન હેઠળ પેકેજીંગ, ગ્રેડીંગ, ટ્રાન્સપોર્ટેશન, રાયપનીંગ અને સ્ટોરેજ વગેરે પાસાઓનો સમાવેશ થાય છે. આવી સગવડતાઓ બાગાયતી માલની વેચાણ ક્ષમતામાં વધારો કરે છે, મૂલ્ય વર્ધન કરે છે, નફાનો ગાળો વધારે છે અને નુકશાનીમાં ઘટાડો કરે છે.

પાછલા ૨ વર્ષોમાં રૂ. ૭૪.૩૮ કરોડની રાજય સરકારશ્રીની સહાય યોજનાઓથી માળખાકીય સુવિધાઓ જેવી કે ૫૫૯ પેક હાઉસ, ૪૫૫ ડુંગળીના મેડા, ૪૪ કોલ્ડ સ્ટોરેજ, ૨ કોલ્ડ રૂમ ઉપલબ્ધ થયેલ છે તેમજ ૭૦ કોલ્ડ સ્ટોરેજનું આધુનિકીકરણ કરવામાં આવેલ છે.

વધુમાં, બાગાયતી પાકોમા સૂક્ષ્મ સિંચાઇ પધ્ધતિ દ્વારા ખાતરનો કાર્યક્ષમ ઉપયોગ કરી શકાય જે હેતુસર સરકારશ્રી દ્વારા વોટર સોલ્યુબલ ખાતરમાં પણ સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન કુલ ૨૯૯૫ જેટલા લાભાર્થીઓને ૨૭૧૮.૬૨ હે. વિસ્તાર માટે રૂ. ૨.૭૯ કરોડની સહાય આપવામાં આવેલ છે. તેમજ ચાલુ વર્ષે કુલ ૨૪૫૦ જેટલા લાભાર્થીઓને ૨૧૫૮.૮૪ હે. વિસ્તાર માટે રૂ. ૨.૧૯ કરોડની સહાય આપવામાં આવેલ છે.

આમ, વર્ષ ૨૦૨૪-૨૫ માટે બાગાયતના સર્વાંગી વિકાસ હેતુ ૬૩૪.૭૮ કરોડની જોગવાઈ સુચિત કરવામાં આવેલ છે. જેથી રાજ્યના છેવાડાના ખેડૂતો પણ બાગાયતી ખેતીમાં સહાય થકી તેઓની સામાજીક - આર્થિક વૃધ્ધિ મેળવતા થશે.

************